# શહેરના યુવકો દ્વારા નિર્મિત શોર્ટ ફિલ્મ કાન્સ અને બર્લિન ફિલ્મ મહોત્સવમાં દર્શાવાશે

વડોદરા, રવિવાર

વડોદરાના યુવકો દ્વારા ૬૦૦ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી ફક્ત બે પાત્રોની પાંચ મિનિટની ટૂંકી ફિલ્મ જ્હોની શર્મા કાન્સ અને બર્લિન ફિલ્મ ફેસ્ટીવલમાં પ્રવેશ મેળવવા ભાગ્યશાળી નિવડી છે.

નવોદિત ફિલ્મ નિર્માતા યુવકો દ્વારા નિર્મિત થયેલી ફિલ્મ જ્હોની શર્મા સેટેલાઈટ ચેનલ દ્વારા આયોજીત સ્પર્ધામાં વિજયી થતાં તે હવે કાન્સ અને બર્લિન ખાતે ફિલ્મ મહોત્સવમાં ભાગ લેશે આ સ્પર્ધા માટે દેશભરના ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મો મોકલી હતી. આમાનાં કેટલાંક નિર્માતાઓ બોલીવુડ અથવા જાહેરાત ઉદ્યોગો સાથે ક્યારના કામ કરી રહ્યાં છે.

ફોરશેડો પીકચર્સ દ્વારા રાજય સ્તરના ટૂંકી ફિલ્મોના મહોત્સવ 'હાર્ટ શોર્ટસ'નુ આયોજન શહેરમાં જુલાઈ માસમાં થયું હતું.આ સ્પર્ધામાં જ્હોની શર્મા સર્વશ્રેષ્ઠ ફિલ્મ જાહેર કરવામાં આવી હતી. આ ફિલ્મ એક મુવી ચેનલ દ્વારા આયોજીત સ્પર્ધા માટે પણ પસંદ થઈ હતી અને ૨૫૦ જેટલી અન્ય એન્ટ્રીઓમાંથી પસંદ કરાયેલી ૧૨ ફિલ્મોમાં તેની પસંદગી થઈ હતી.

દિપ પંજવાણી સાછે આ ફિલ્મનું નિર્દેશન કરનાર પારિતોષ ભોળેએ જણાવ્યું કે જે વસ્તુઓ પ્રત્યક્ષ રીતે શકય નથી તેવી પ્રવૃતિમાં સફળતા મેળવવાની દોડમાં સામેલ થતાં એક યુવકની આ કથા જ્હોનીના પાત્ર દ્વારા આલેખાયેલી છે. તેના માનસમાં ફિલ્મ નિર્માતા બનવાના વિચારે કબજો જમાવ્યો હતો. આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવામાં તે ફિલ્મ નિર્માણ અને જીવનના વાસ્તવિકતાની દિશા મેળવવા નિષ્ફળ નિવડયો હતો.

આ ફિલ્મ એક યુવકના વિચારોની આસપાસ ફરે છે. જે ચાલુ અભ્યાસને અવગણે છે. અને સ્ટીવન સ્પીલબર્ગ જેવા ફિલ્મ નિર્માતા બનવાનું દિવા સ્વપ્ન સેવે છે. અભ્યાસને બાજુ પર રાખી જ્હોની શર્મા એક સ્પર્ધા માટે એક ટૂંકી ફિલ્મ બનાવે છે. આના કારણે સતત ત્રીજીવાર તે પરીક્ષામાં નિષ્ફળ નવડે છે. એટલુ જ નહિ સ્પર્ધા માટે પણ તેની ફિલ્મ પસંદ થતી નથી. આ કારણથી તે ઊંડા વિષાદમાં સપડાય છે.

જયારે કોઈ પણ એમ માને કે તેણે છોડી દીધું છે. ત્યારે તે પાછો ઊછળીને કહેતો જણાશે કે ફિલ્મનો અંત આ રીતે ન હોવો જોઈએ. આ ફિલ્મની કથા તેની ફિલ્મ નિર્માણની ઘેલછાની આસપાસ ફરતી જણાય છે. એજ આ ટૂંકી ફિલ્મનો સંદેશ છે.

પંજવાણી અને ભોળે બન્નેએ હાલમાં જ કોલેજનું શિક્ષણ પુરુ કર્યું છે.

જૂથના બીજા સભ્યો રવિ રાજપુત, વિનીત કનોજીયા અને રાહુલ ભોળે છે. મુખ્યપાત્ર ભજવતા સંતોષ રાણેએ કહ્યું કે હું પાત્ર અને તેની વર્તનની વિલક્ષણતા સાથે સંબંધ ધરાવવાનો અનુભવ કરુ છું. આ ફિલ્મ તેને પ્રસ્તુત કરે છે. તેની કથા નહિ.

(સ્રોત : ટાઈમ્સ-સંદેશ ન્યુઝ સર્વિસ)

**પાંચ મિનિટની આ ફિલ્મ જ્હોની શર્મા ફક્ત રૂ. ૬૦૦ માં તૈયાર થઈ છે**

SANDESH : VADODARA | MONDAY, 22 DECEMBER 2008